GJJN210002372022

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૭ / ૧૧ / ૨૦૧૭ | | |
| નોંધણી તારીખ | ૨૭ / ૧૧ / ૨૦૧૭ | | |
| ફેંસલ તારીખ | ૨૯ / ૦૧ / ૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૨ | ૦૨ |

આંક : ______

**કેશોદના નામદાર એડિશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ,**
**મુ.કેશોદ, જી.જુનાગઢ.**

**સેશન્સ કેસ નં. ૦૫ / ૨૦૨૨**

જુના સેશન્સ કેસ નં.૧૧૮/૧૭(કેશોદ)
જુના સેશન્સ કેસ નં.૬૬/૧૯(જુનાગઢ)

શિલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨૦/૨૦૧૭
ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબ

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર,<br>ભોગ બનનાર 'એસ' W/o. પીઠા રણમલ આહીર,<br>રહે.બામણાસા. | |
| ફરીયાદ પક્ષ તરફે | વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર | |
| આરોપી પક્ષ | ૧) | પીઠા રણમલભાઈ પીઠીયા, ઉ.વ. ૩૭ |
| | ૨) | કેસુર રણમલભાઈ પીઠીયા, ઉ.વ. ૩૫ |
| | ૩) | ભગવાન રાજશીભાઈ પીઠીયા, ઉ.વ. ૩૦ |
| | ૪) | જેઠા ભાયાભાઈ પીઠીયા, ઉ.વ. ૩૭ |
| | ૫) | વજુભાઈ ઉકાભાઈ પીઠીયા, ઉ.વ. ૩૫ |
| | ૬) | રાજીબેન W/o. રણમલ હમીરભાઈ પીઠીયા, ઉ.વ. ૭૦ |
| | તમામ રહે. બામણવાડા, તા.માંગરોળ, જી. જુનાગઢ. | |
| આરોપી પક્ષ તરફે | નં.૧,૨,૬ તરફે વિધ્વાન વકીલ શ્રી જે. જે. ડોડીયા | |

| | |
|---|---|
| | નં.૪,૫ તરફે વિદ્ધાન વકીલ શ્રી આર. કે. બુચ<br>નં.૩ તરફે વિદ્ધાન વકીલ શ્રી વાય. એમ. ઠાકોર |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૭/૦૭/૨૦૦૭ થી ૩૦/૦૬/૨૦૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૭/૦૭/૨૦૧૭ |
| આખરી અહેવાલની તારીખ | ૧૩/૦૨/૨૦૧૭ |
| તહોમતનામાની તારીખ | ૧૧/૧૦/૨૦૧૮ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૦/૧૨/૨૦૧૮ |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૯/૦૧/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૯/૦૧/૨૦૨૬ |

આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમો | છુટી ગયો કે સજા થઈ? | ફરમાવેલ સજા | ક્રિ. પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન અટકાયતી સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | પીઠા રણમલભાઈ પીઠીયા, | ૧૦/૭/૧૭ | ૨૦/૧૨/૧૭ | ઈ.પી.કો.કલમ– ૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ | નિર્દોષ | –– | |
| ૨) | કેસુર રણમલભાઈ પીઠીયા, | ૧૦/૭/૧૭ | ૧૦/૧૧/૧૭ | | | | |
| ૩) | ભગવાન રાજશીભાઈ પીઠીયા, | ૧૬/૮/૧૭ | ૩૦/૧૧/૧૭ | | | | |
| ૪) | જેઠા ભાયાભાઈ પીઠીયા, | ૨૦/૮/૧૭ | ૩/૧૧/૧૭ | | | | |
| ૫) | વજુભાઈ ઉકાભાઈ પીઠીયા, | ૨૦/૮/૧૭ | ૩/૧૧/૧૭ | | | | |
| ૬) | રાજીબેન W/o. રણમલ હમીરભાઈ પીઠીયા, | આગોતરા જામીન તા.૨/૯/૧૭ | | | | | |

## –:: ચૂ કા દો ::–

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબનું ચાર્જશીટ શિલ

પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી/ભોગ બનનારના લગ્ન આરોપી નં.૧ સાથે ૧૯ વર્ષ પહેલા થયેલ હોય, બામણવાડા ગામની સીમમાં આરોપી નં.૨ જે ફરીયાદીનો દીયર થતો હોય, તેણે છેલ્લા દસેક માસથી ફરીયાદીને વીસેક વખત દુષ્કર્મનો ભોગ બનાવેલ હોય, આ બાબતે તેણીએ પોતાના પતિ–આરોપી નં.૧ ને વાત કરતાં, આરોપી નં.૧ નાએ આરોપી નં.૨ નું ઉપરાણુ લઈ મારકુટ કરેલ, તેમજ આરોપી નં.૧ ના મિત્ર આરોપી નં.૩ નાએ પણ ફરીયાદી ઉપર આશરે બારેક વખત તેમજ આરોપી નં.૪ અને પ નાઓએ પણ છ–સાત માસમાં અવાર–નવાર ફરીયાદી ઉપર બળાત્કાર કરેલ તથા આરોપી નં.૬ જેઓ ફરીયાદીના સાસુ થતાં હોય, તેમણે ફરીયાદીને ''કાંઈ આવડતું નથી, સસરાને રાખીને બેઠી છે'' તેવા મ્હેણાટોણા મારી દુ:ખત્રાસ આપેલ તથા આરોપી નં.૧ નાએ તા.૩૦–૦૬–૨૦૧૭ ના રોજ ફરીયાદીને આંખે પાટા બાંધી, મોઢે મુંગો દઈ જમીન ઉપર સુવડાવી ગુપ્તાંગના ભાગે બળજબરી થી સોઈ–દોરાથી ટાંકા લઈ ફરીયાદીનું ગુપ્તાંગ સીવી લઈ ગુન્હો કરેલ. આ બનાવ સંદર્ભે ફરીયાદીની ફરીયાદ આધારે શિલ પોલીસ સ્ટેશન ગુ.ર. નં.ફર્સ્ટ–૨૦/૨૦૧૭ થી ગુનો દાખલ થયેલ છે અને તપાસના અંતે તપાસનીસ અધિકારીએ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક.શ્રી, માંગારોળની કોર્ટમાં ફો. કે. નં.૪૬૩/૨૦૧૭ થી ચાર્જશીટ ફાઈલ કરેલ.

(૩) ત્યારબાદ સદરહું કેસ ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોય, સદર ફોજદારી કેસ અત્રેની સેશન્સ કોર્ટને કમીટ કરવામાં આવેલ, જે સેશન્સ કેસ નં.૧૧૮/૨૦૧૭થી રજીસ્ટરે લેવામાં આવેલ છે અને આ કામની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જે દરમ્યાન નામદાર જીલ્લા ન્યાયાલય,

જુનાગઢના વહીવટી આદેશ અનુસાર આ કામ જુનાગઢ મુકામે તબદીલ થતાં, જુનાગઢ મુકામે સદર કામ સેશન્સ કેસ નં.૬૬/૨૦૧૯ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ. ત્યારબાદ સદર કામ જુનાગઢથી ફરી અત્રે તબદીલ થઈ આવતાં, અત્રે સેશન્સ કેસ નં.૦૫/૨૦૨૨ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને આ કામની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૪) આ કામના આરોપીઓ વિરૂધ્ધ તા.૧૧/૧૦/૨૦૧૮ના રોજ આંક –૨૮ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, આંક–૨૯ થી આંક–૩૪ સુધી આરોપીઓના જવાબ લેતાં, આરોપીઓએ ગુનો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે, જેથી ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવી, નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો નોંધેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| અ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ રાજશીભાઈ પુંજાભાઈ રામની જુબાની | ૩૬ |
| ૨ | પંચ સાહેદ મુકેશભાઈ રામદેભાઈ મકવાણાની જુબાની | ૩૮ |
| ૩ | પંચ સાહેદ રૂપેશભાઈ ભીખાભાઈ વાઘેલાની જુબાની | ૪૧ |
| ૪ | પંચ સાહેદ ભીમશીભાઈ માલદેભાઈ રામની જુબાની | ૪૨ |
| ૫ | પંચ સાહેદ અઝહરઅલી ગુલામહૈદર બુખારીની જુબાની | ૪૬ |
| ૬ | પંચ સાહેદ જાવિદભાઈ મુસાભાઈ ખેભરની જુબાની | ૪૮ |
| ૭ | પંચ સાહેદ અલ્લારખાભાઈ હબીબભાઈની જુબાની | ૮૨ |

| | | |
|---|---|---|
| ૮ | ફરીયાદી સવધીબેન પીઠાભાઈની જુબાની | ૯૬ |
| ૯ | સાહેદ અરજણભાઈ જગમાલભાઈની જુબાની | ૧૦૦ |
| ૧૦ | પી.એસ.ઓ. રામભાઈ કરશનભાઈ ગરચરની જુબાની | ૧૨૯ |
| ૧૧ | ત.ક.અધિકારી ભગવાનજીભાઈ નાથાભાઈ ખાંભલાની જુબાની | ૧૩૦ |
| ૧૨ | ત.ક.અધિકારી રાયધનભાઈ લક્ષ્મણભાઈ રાઠોડની જુબાની | ૧૩૧ |

## (બ) દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | બનાવ વાળી સ્થાનિક જગ્યા તથા મુદ્દામાલ કપડા તથા ગોદડું કબજે લીધાનું પંચનામું | ૩૭,૧૦૪ |
| ૨ | આરોપી નં.૧,૨ ના મેડીકલ સેમ્પલ કબજે લીધાનું પંચનામું | ૩૯ |
| ૩ | ફરીયાદીના મેડીકલ સેમ્પલ કબજે લીધાનું પંચનામું | ૪૦ |
| ૪ | આરોપી નં.૧,૨ ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૪૩ |
| ૫ | આરોપી નં.૩ ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૪૭ |
| ૬ | આરોપી નં.૪,૫ ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૪૯ |
| ૭ | આરોપી નં.૩ થી ૫ ના મેડીકલ સેમ્પલ કબજે લીધાનું પંચનામું | ૮૩ |
| ૮ | ફરીયાદ | ૯૭ |
| ૯ | ફરીયાદીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૯૮ |

| | | |
|---|---|---|
| ૧૦ | દવાખાના ચોકીનો ડી.ઓ.લેટર | ૧૦૧ |
| ૧૩ | ગુન્હા બાબતે પી.એસ.ઓ.ને કરેલ યાદી | ૧૦૨ |
| ૧૪ | તપાસ સોંપણી યાદી | ૧૦૩ |
| ૧૫ | એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ | ૧૦૫ |
| ૧૬ | ફરીયાદીનું એમ.એલ.સી. | ૧૦૬ |
| ૧૭ | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ | ૧૦૭ |
| ૧૮ | આરોપી નં.૩ નું મેડીકલ સર્ટીફીકેટ | ૧૦૮ |
| ૧૯ | આરોપી નં.૫ નું મેડીકલ સર્ટીફીકેટ | ૧૦૯ |
| ૨૦ | આરોપી નં.૪ નું મેડીકલ સર્ટીફીકેટ | ૧૧૦ |
| ૨૧ | મુદ્દામાલ રવાનગી યાદી તથા પત્રક | ૧૧૧,૧૧૪ |
| ૨૨ | એફ.એસ.એલ.ની પહોંચ | ૧૧૨,૧૧૩ |
| ૨૩ | આરોપી નં.૪ ના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના મોકલ્યાની યાદી | ૧૧૫ |
| ૨૪ | આરોપી નં.૫ ના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના મોકલ્યાની યાદી | ૧૧૬ |
| ૨૫ | આરોપી નં.૩ ના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના મોકલ્યાની યાદી | ૧૧૭ |
| ૨૬ | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૧૮ |
| ૨૭ | બાયોલોજીકલ પરિક્ષણ અહેવાલ | ૧૧૯ |
| ૨૮ | સીરોજીકલ પરિક્ષણ અહેવાલ | ૧૨૦ |
| ૨૯ | ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરિક્ષણ અહેવાલ | ૧૨૧ |
| ૩૦ | મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૨૨ |

| | | |
|---|---|---|
| ૩૧ | બાયોલોજીકલ પરિક્ષણ અહેવાલ | ૧૨૩ |
| ૩૨ | સીરોજીકલ પરિક્ષણ અહેવાલ | ૧૨૪ |
| ૩૩ | એફ.આઈ.આર.ની ખરીનકલ | ૧૨૫ |
| ૩૪ | સ્ટેશન ડાયરીની ખરીનકલ | ૧૨૬ |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરશીસ આંક–૧૩૨ થી રજુ કરેલી છે.

(૫) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ફસાવવાના ઈરાદે ફરીયાદ કરેલ છે, તેઓ ધ્વારા આક્ષેપિત કૃત્ય કરેલ ન હોવાનું જણાવેલ છે.

(૬) સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી ડી. સી. ઠાકર તથા બચાવ પક્ષે આરોપી નં.૧,૨,૬ તરફે વિધ્વાન વકીલ શ્રી જે. જે. ડોડીયા, આરોપી નં.૪,૫ તરફે વિધ્વાન વકીલ શ્રી આર. કે. બુચ તથા આરોપી નં.૩ તરફે વિધ્વાન વકીલ શ્રી વાય. એમ. ઠાકોર ની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળી.

(૭) ઉપરોકત હકીકત જોતાં, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપી નં.૧,૨ તથા ૬, જેઓ ફરીયાદીના પતિ, દીયર તથા સાસુ થતા

હોય, તેઓએ ફરીયાદીને મ્હેણાટોણા મારી તથા મારકૂટ કરી શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપી તેમજ બામણવાડા ગામની સીમમાં આરોપી નં.ર જે ફરીયાદીનો દીયર થતો હોય, તેણે છેલ્લા દસેક માસથી ફરીયાદીને વીસેક વખત દુષ્કર્મનો ભોગ બનાવી, અને આ બાબતે તેણીએ પોતાના પતિ–આરોપી નં.૧ ને વાત કરતાં, આરોપી નં.૧ નાએ આરોપી નં.ર નું ઉપરાણુ લઈ મારકુટ કરી, તેમજ આરોપી નં.૧ ના મિત્ર આરોપી નં.૩ નાએ પણ ફરીયાદી ઉપર આશરે બારેક વખત તેમજ આરોપી નં.૪ અને ૫ નાઓએ પણ છ–સાત માસમાં અવાર–નવાર ફરીયાદી ઉપર બળાત્કાર કરી તથા આરોપી નં.૧ નાએ તા.૩૦–૦૬–૧૭ ના રોજ ફરીયાદીને આંખે પાટા બાંધી, મોઢે મુંગો દઈ જમીન ઉપર સુવડાવી ગુપ્તાંગના ભાગે બળજબરીથી સોઈ–દોરાથી ટાંકા લઈ ફરીયાદીનું ગુપ્તાંગ સીવી લઈ ભારતીય દંડ સંહિતાની કલમઅ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે :

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## –:: કારણો ::–

(૯) બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા બંને પક્ષની મૌખિક દલીલો સાંભળી. રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, સૌપ્રથમ સદર કામે પંચ સાહેદ રાજશીભાઈ પુંજાભાઈ રામને આંક–૩૬થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૮–૦૭–૨૦૧૭ ના રોજ તેમને પીઠાભાઈ રણમલભાઈની વાડીએ પંચમાં રહેવા બોલાવેલ હતા. ત્યારે ત્યાં ગલાભાઈ પીઠાભાઈ, રાણાભાઈ રામદેભાઈ, કિશોરભાઈ, અરજણભાઈ પીઠીયા તથા ગામના અન્ય પુરૂષો અને ભોગ બનનાર 'એસ' પીઠાભાઈ વગેરે હાજર હતા. આ પીઠાભાઈના મકાનની આજુબાજુમાં તપાસ કરેલ અને આ મકાનની પાછળના ભાગે એક નાળીયેરીનું ઠુંઠુ પડેલ હતું અને રૂમમાં તપાસ કરતા લોહી વાળા કપડા મળેલા તે તેઓએ જોયેલા. આ કપડામાં સાડી અને ઘાઘરો હતા. આ કપડા સિવાય બીજુ કાંઈ જોયુ હોય અને કબજે લીધેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ મુદ્દામાલ કપડા સાડી અને ઘાઘરો ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે, આ લોહીવાળા કપડા ભોગ બનનાર 'એસ'ના હતા. આ ભોગ બનનાર 'એસ'ના કપડા જે લોહીવાળા હતા તે કયા કારણસર લોહી વાળા થયેલા તે બાબતે તેમને કોઈ હકીકત જાણવા મળેલ નહીં. આ બાબતનું લખાણ તૈયાર થયેલ, જેમાં તેઓએ સહી કરેલી, તેમ જણાવી તેઓએ આ બાબતેના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે, જે પંચનામું આંક–૩૭ થી રજુ રાખેલ છે અને સદરહું મુદામાલ વાળા કપડા સાથેની કાપલીમાં પણ પંચ તરીકેની તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આમ, સદર પંચ સાહેદ પોતાના મૌખિક પુરાવામાં આંક–૩૭ વાળા પંચનામાની હકીકતોને સંપૂર્ણપણે સમર્થનકારી હકીકતો જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, વિધ્વાન એ.પી.પી.શ્રી

ધ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ કામના ભોગ બનનારે એવુ જણાવેલ કે, બનાવ વાળી જગ્યાએ આવેલ રૂમમાં તેના પતિ તથા તેના દિયરે તથા તેના પતિના મિત્રએ જે ગોદડા ઉપર પોતાની સંમતિ વગર બળાત્કાર કરેલ તે ગોદડુ લીલા કલરનું, લાલ કલરની બોર્ડર વાળુ હોવાનું જણાવી તે બતાવેલુ અને બાદ માં સદરહું પંચનામાની કાર્યવાહી દરમ્યાન પંચોની સહી વાળી કાપલી મુકી પોલીસે તપાસ અર્થે કબજે લીધેલ, જે ગોદડા ઉપર છુટાછવાયા લોહીના ડાઘ જોવા મળેલા. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તા.૦૮–૦૭–૧૭ના રોજ ઉપર જણાવેલ વિગતેના પંચનામાની કાર્યવાહી વખતે ભોગ બનનારે તેના પતિએ ગુપ્ત ભાગે સોઈ દોરાથી ટાંકા લઈ સીવી લીધેલ ત્યારે રામા કલરનીસાડી, બ્લાઉઝ પહેરેલ હતા જે કપડા તેઓએ રજુ કર્યા બાદ તેણે પંચનામાની કાર્યવાહી વખતે પહેરેલ કપડા કોફી કલરનો ચણીયો, બદામી કલરનું બ્લાઉઝ તથા કેસરી કલરની ડિઝાઈનની સાડી ઉપર રતાશ પડતા ડાઘ–નિશાન જોવામાં આવેલ તે પણ પોલીસે પંચોની સહી વાળી કાપલી મુકી તપાસ અર્થે કબજે લીધેલ. જયારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામાની કાર્યવાહી વખતે ભોગ બનનાર 'એસ'એ પોતાની મરજી વિરૂધ્ધ આ રહેણાંક મકાનના પાછળના ભાગે રામભાઈ ઉકાભાઈ પીઠીયાના પશ્ચિમ બાજુના શેઢા પાસે તથા ઉતર બાજુના શેઢા પાસે ખેતરના ખૂણાના ભાગે તેના દિયરે તથા તેના પતિના મિત્રએ બળાત્કાર કરેલાનું જણાવી તે જગ્યા બતાવેલી. તેમણે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ તમામ કાર્યવાહી અંગેનુ લખાણ તેમના રૂબરૂ, તેઓએ જણાવેલ વિગતે પોલીસે તૈયાર કરેલ, જે વાંચીને તેમાં તેઓએ સહી કરેલી, તેમજ મુદામાલ પાવતી નં. ફર્સ્ટ–૧૩/૧૭ ના આર્ટીકલ નં. ૧, ૩, ૫, ૬ અને ૭ ના ભોગ બનનારે કાઢી આપેલ કપડા તથા ગોદડુ છે, જે તેઓ ઓળખી બતાવે છે, જે સાથેની પાવતીમાં

પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે.

ત્યારબાદ સદર પંચ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, પોલીસે લખેલા પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ વાંચી ને તેમની સહી કરી આપેલી, તેમજ તેઓ પોલીસને પંચનામુ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી, અને તેઓએ એક જ વાર સહી કરેલી હતી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ત્યાં હતા ત્યારે તેમને ભોગ બનનાર 'એસ' સાથે વાતચીત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલ નહીં, તેમજ ભોગ બનનાર 'એસ'ની હાજરીમાં તેણે પહેરેલ કપડા કાઢી બતાવેલ હોય તેવુ બનેલ નથી.

આમ, સદર પંચ સાહેદનો ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો, સદર પંચ સાહેદે પ્રથમ પોતાની સરતપાસમાં પંચનામાની હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારી હકીકતો ન જણાવતા તેઓને ખુદ ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે, જે બાદ પણ તેઓ સદર પંચનામાની મહત્વની હકીકતો પરત્વે નકારાત્મક પ્રત્યુત્તર આપે છે, તેમજ ત્યારબાદ બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં પણ ઉપરોકત નોંધ્યા અનુસાર મહત્વપૂર્ણ વિરોધાભાસી હકીકતનો સ્વીકાર કરે છે. જેથી સદર પંચનામાની કાર્યવાહી તથા પંચ સાહેદની જુબાની શંકાના દાયરામાં આવે છે, તેવા સંજોગોમાં સદર પંચ સાહેદના પુરાવાથી બનાવવાળી સ્થાનિક જગ્યા તથા ભોગ બનનારના કપડા અને ગોદડું કબજે લીધાના પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૦) ફરીયાદ પક્ષના આરોપી નં.૧,૨ ના મેડીકલ સેમ્પલ કબજે લીધાના આંક-૩૯ ના પંચનામાના તથા ફરીયાદીના મેડીકલ સેમપલ કબજે લીધાના આંક-૪૦ ના પંચનામાના પંચ સાહેદ મુકેશભાઈ રામદેભાઈ મકવાણાને આંક-

૩૮થી તથા બીજા પંચ સાહેદ રૂપેશભાઈ ભીખાભાઈ વાઘેલાને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં તૈયારપંચનામા માં સહી કરેલાનું જણાવી, આંક ––થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય, ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

આમ, સદર પંચ સાહેદોની ઉપરોકત જુબાની જોવામાં આવે તો, તેઓએ આંક–૩૯ના આરોપી નં.૧,૨ ના મેડીકલ સેમ્પલ કબજે લીધાના પંચનામા તથા આંક–૪૦ના ફરીયાદીના મેડીકલ સેમપલ કબજે લીધાના પંચનામામાં માત્ર પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપેલ છે, અન્ય કોઈ હકીકતને સમર્થન આપેલ નથી, જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી સદર આંક–૩૯ તથા આંક–૪૦ ના પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૧) ફરીયાદ પક્ષે પંચ સાહેદ ભીમશીભાઈ માલદેભાઈ રામને આંક–૪૨ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૦–૦૭–૨૦૧૭ ના રોજ તેઓ તેમની મોટર સાયકલ લઈને તેમના ચાંખવા ગામે જતા હતા, ત્યારે પોલીસે રોડ ઉપર આવી તેમને કહેલ કે, બે ભાઈઓને પકડેલ છે અને તે પીઠા રણમલ અને કેશુર રણમલ હતા તે તેઓએ જોયેલા હતા અને પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ પોતાની સહી કરી આપેલી. તે સિવાય બીજી તેમને કાંઈ ખબર નથી. આ પીઠા રણમણ અને કેશુર

રણમણે કયા કપડા પહેરેલ હતા તેની કાંઈ ખબર નથી અને પોલીસે કહેલ કે, આ થેલીમાં મુદ્દામાલ છે, તેમાં સોય–દોરો અને નાળીયેરીનું છાલુ છે. તેમને આ થેલીમાં રહેલ મુદ્દામાલ બતાવેલ નહી. તેમની હાજરીમાં આરોપીઓએ નાળીયેરીનું લુંબુ કાઢી આપેલ નથી અને બનાવ વખતે પહેરેલ કપડા આરોપીઓએ રજુ કરેલ ન હતા. પોલીસે કાપલીમાં તેમની સહીઓ લીધેલી. તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં તેમ જણાવી તેઓએ આરોપી નં.૧,૨ ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તેમજ આરોપીઓને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. આમ, સદર પંચ સાહેદ પોતાના મૌખિક પુરાવામાં આંક–૪૩ વાળા પંચનામાની હકીકતોને સંપૂર્ણપણે સમર્થનકારી હકીકતો જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી, વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ સદર પંચનામાની હકીકતોનો હકારાત્મક પ્રત્યુત્તર આપેલ છે અને પંચનામાની વિગતો સ્વીકારેલ છે. પરંતુ, ત્યારબાદ સદર પંચ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ રસ્તેથી નિકળતા હતા ત્યારે પોલીસે લખેલ તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલી, તેમની હાજરીમાં પંચનામુ લખેલ હોય તેવુ બનેલ નથી.

આમ, સદર પંચ સાહેદનો ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો, સદર પંચ સાહેદ પોતાના મૌખિક પુરાવામાં અલગ–અલગ તબકકે જુદી–જુદી હકીકતો જણાવે છે, તેવા સંજોગોમાં સદર પંચ સાહેદના મૌખિક પુરાવાનું વિશેષ પુરાવાકીય મુલ્ય આંકી શકાય નહીં. તેમજ બચાવ પક્ષની ઉલટતપાસમાં સદર પંચ સાહેદે એ હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, પોલીસે લખેલ તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલી. આમ, સદર પંચ

સાહેદના પુરાવાથી સદર આંક–૪૩ ના પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૨) ફરીયાદ પક્ષના આરોપી નં.૩ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાના આંક–૪૭ ના પંચનામાના પંચ સાહેદ અઝહરઅલી ગુલામહૈદર બુખારીને આંક–૪૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવી, આંક–૪૭થી રજુ સદર પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય, ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

આમ, સદર પંચ સાહેદની ઉપરોકત જુબાની જોવામાં આવે તો, તેઓએ આંક–૪૭ના આરોપી નં.૩ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં માત્ર પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપેલ છે, અન્ય કોઈ હકીકતને સમર્થન આપેલ નથી, જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી સદર આંક–૪૭ ના પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૩) ફરીયાદ પક્ષના આરોપી નં.૪,૫ ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાના આંક–૪૯ ના પંચનામાના પંચ સાહેદ જાવિદભાઈ મુસાભાઈ ખેભરને આંક–૪૮ થી તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવી, આંક–૪૯ થી રજુ સદર પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ પંચનામાની

હકીકતને સમર્થન આપતા ન હોય, ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામામાં સહી કર્યા સિવાય પંચનામાની વિગતે તેઓ કાંઈ જાણતા નથી.

આમ, સદર પંચ સાહેદની ઉપરોકત જુબાની જોવામાં આવે તો, તેઓએ આંક–૪૯ના આરોપી નં.૪,૫ને અટક કર્યા તથા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામામાં માત્ર પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપેલ છે, અન્ય કોઈ હકીકતને સમર્થન આપેલ નથી, જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી સદર આંક–૪૯ ના પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૪) ફરીયાદ પક્ષના આરોપી નં.૩ થી ૫ ના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના આંક–૮૩ ના પંચનામાના પંચ સાહેદ અલ્લારખાભાઈ હબીબભાઈ ને આંક–૮૨ થી તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાની સોગંદ પરની જુબાની માં તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવી, આંક–૮૩ થી રજુ સદર પંચનામા માં પોતાની સહીઓ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય, ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેઓને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

આમ, સદર પંચ સાહેદની ઉપરોકત જુબાની જોવામાં આવે તો, તેઓએ આંક–૮૩ ના આરોપી નં.૩ થી ૫ ના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામામાં માત્ર પોતાની સહી હોવાની હકીકતને સમર્થન આપેલ છે, અન્ય કોઈ હકીકતને સમર્થન આપેલ નથી, જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી સદર આંક–૮૩ ના પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૧૫) ફરીયાદ પક્ષે આ કામના મૂળ ફરીયાદી/ભોગ બનનાર ''એસ'' પીઠાભાઈને આંક–૯૬ થી તપાસવામાં આવેલ છે, તેણી પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેને ત્રણ દિકરીઓ છે અને એક દિકરો છે, ત્રણેય દિકરીઓ અપરણિત છે અને તેમની સાથે છે. એવું બનેલ નથી કે, તેણીને આજથી આઠેક વર્ષ પહેલા કેશોદ કે જુનાગઢ સરકારી દવાખાને સારવાર માટે જવાનું થયેલ હોય. આ બનાવને આઠેક વર્ષ થયેલા છે. આ બનાવ દિવસના કયા સમયે બનેલ તે તેને હાલમા યાદ નથી. તેને એક કેશુભાઈ નામનો દીયર છે. તેના પતિ તથા દીયર કેશુભાઈને પોલીસે પકડેલા હતા, ઝઘડા બાબતે તેને પકડેલા, ઘરમાં ઝઘડો થયેલો. તેણીને તેના પતિ અને દીયર હેરાન કરતા હતા, મારતા હતા, તેઓ કોઈ કારણ વગર મારતા. તેણીના બા ગુજરી ગયા તે પહેલા તેને કોઈ બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. એવું બનેલ નથી કે, તેણીએ તેના ભાભી કંચનબેન તથા ટીનાબેનને કોંઈ બનાવ બાબતની વાત કરેલ હોય. તેણીએ વધુમાં જણાવેલ છે કે, તેની સાથે કોઈ વ્યકિત જબરજસ્તી કરતી તેવો બનાવ બનેલ, તેણી સાથે ભગવાન રાજશી, જેઠા ભાચા તથા વજુ ઉકાનાઓ જબરજસ્તી કરતા હતા. જબરજસ્તીમાં હેરાન કરતા હતા. આ લોકો જબરજસ્તી કરતા હતા તેની જાણ તેના પતિ તથા દીયરને થયેલ કે કેમ તેની તેને ખબર નથી. એવું બનેલ નથી કે, આ ત્રણ લોકો તેની સાથે જબરજસ્તી કરતા તે વખતે તેના પતિ કે દીયરે તેની સાથે ખરાબ વર્તન કરેલ હોય. તેને આ બનાવ બાદ કોઈ કોર્ટમાં લઈ

જવામા આવેલ હોય તેવું બનેલ નથી. બનાવની ફરીયાદ તેણીએ આપેલી. જે ફરીયાદ તેણીને કોર્ટ રેકર્ડમાંથી બતાવતા તેમાં તેણીએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે અસલ ફરીયાદ આંક–૯૭ થી રજુ રાખેલ છે તેમજ તેણીને કોર્ટ રેકર્ડમાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન બતાવતા, તેમા તથા તેની સાથે પોતાના આધારકાર્ડની નકલમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે આંક–૯૮ થી રજુ રાખેલ છે અને જણાવેલ છે કે, તેને હાલ યાદ નથી કે, તેને બતાવવામાં આવે છે તે નિવેદનમાં તેણે માંગરોળ કોર્ટમાં ગયેલ ત્યારે સહી કરેલી.

આમ, સદર ફરીયાદી/ભોગ બનનાર સાહેદ પોતાની ફરીયાદ હકીકતને તથા પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનની હકીકતને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો અદાલત રૂબરૂના પોતાના સોગંદ ઉપરના મૌખિક પુરાવામાં જણાવતા ન હોય, ફરીયાદ પક્ષે ફરીયાદી/ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર ફરીયાદી/ભોગ બનનારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણીએ ભગવાનભાઈ, જેઠાભાઈ અને વજુભાઈનું નામ આપ્યું તે કોઈ તેણી સાથે જબરજસ્તી કરતા ન હતા અને હેરાન પણ કરતા ન હતા, તેણી પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા તેણીએ સહી કરેલ, તેણીએ કાગળ વાંચેલ નહીં. તેણીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેમના ગામના છે અને તેથી ઓળખે છે, આરોપીઓ શું કામ કોર્ટમાં હાજર છે તે તેણી જાણતી નથી, તેમજ તેણીને ઘરમાં ખેતીકામ

બાબતે કોઈ ઝઘડા થતા ન હતા.

આમ, સદર ફરીયાદી/ભોગ બનનાર સાહેદે પોતાના સોગંદ પરના સરતપાસના પુરાવામાં આંક–૯૭ની ફરીયાદ તથા આંક–૯૮ના ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદન મુજબની આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય અને ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ આરોપીઓ ધ્વારા તેણીને કોઈ શારીરિક–માનસીક દુ:ખત્રાસ આપવામાં આવેલ હોય, કે મારકૂટ કરવામાં આવેલ હોય, કે તેણી સાથે બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધી બળાત્કાર કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. જેથી સદર ફરીયાદી/ભોગ બનનાર સાહેદના પુરાવાથી આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૬) ફરીયાદ પક્ષ તરફે સાહેદ અરજણભાઈ જગમાલભાઈને આંક–૧૦૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ પોતાના પરિવાર સાથે ખમીદાણા મુકામે રહેં છે અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પાંચ ભાઈઓ અને બે બહેનો છે, જેમાં તેઓના નાના બહેન ભોગ બનનાર 'એસ'ના લગ્ન પીઠાભાઈ રણમલભાઈ સાથે કરવામાં આવેલ હતા અને તે લગ્ન બાદ સંયુકત કટુંબમાં રહેતી હતી. તેઓની બહેન ભોગ બનનાર 'એસ' સાથે કોઈ બનાવ બનેલ હોય અને તે અંગેની વાત તેમને મળેલી હોય અને આ બનાવ સબંધીત તેમની બહેને ફરીયાદ આપેલ હોય અને તેણીએ સારવાર કોઈ સરકારી દવાખાનામાં લીધેલ હોય તેવું બનેલું નથી. આ બનાવ સબંધે પોલીસે તેઓની પુછપરછ કરેલ તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ હાજર આરોપીઓને ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય, ફરીયાદ

પક્ષે તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ પોતાના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તેમનું નામ–સરનામું પુછેલ, તે સિવાય બીજુ કશું પુછેલ નહીં કે તેઓએ કાંઈ લખાવેલ નથી. તેમણે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની બહેનને સાસરીયામાં દુ:ખત્રાસ હતો નહીં.

આમ, સદર સાહેદ, કે જેઓ ફરીયાદી/ભોગ બનનારના ભાઈ છે, તેઓના અદાલત સમક્ષના મૌખિક પુરાવા આધારે ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી સદર સાહેદના પુરાવાથી આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૧૭) ફરીયાદ પક્ષ તરફે પોલીસ સાહેદ–પી.એસ.ઓ. રામભાઈ કરશનભાઈ ગરચરને આંક–૧૨૯ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૦૭–૦૭–૧૭ના રોજ શિલ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, તે વખતે તેમના પો.સ્ટે.ના ઈ/ચા. પી.એસ.આઈ. એચ.એચ.ભાટીયાએ પોતાના રૂબરૂ ભોગ બનનાર 'એસ' વા/ઓ. પીઠાભાઈ રણમલભાઈ, રહે.બામણવાડાની લીધેલ ફરીયાદ ગુન્હો. રજીસ્ટર થવા આવતાં, તેઓએ તેમના પો.સ્ટે. ગુ.ર.નં.૨૦/૧૭થી આ કામના આરોપીઓ પીઠાભાઈ રણમલભાઈ, વિગેરે–૬ સામે આઈ.પી.સી. કલમ–૩૭૬ (બી) વિગેરે મુજબની ફરીયાદ નોંધેલ. તે અંગે સ્ટે.ડાયરીમા નોંધ કરેલ અને આગળની તપાસ તેઓએ તપાસ કરનાર અધિકારીને સાધનીક કાગળો સાથે

સોંપી આપેલ હતી, તેમ જણાવી તેઓએ આંક–૯૭ વાળી ફરીયાદ, આંક–૧૦૩ ની યાદી, આંક–૧૨૫ ની એફ.આઈ.આર. તથા આંક–૧૨૬ ની સ્ટે.ડાયરીના ઉતારાની ખરીનકલ ઓળખી બતાવેલ છે અને આ સિવાય અન્ય કામગીરી તેઓએ કરેલ નથી તેમ જણાવેલ છે.

સદર પોલીસ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમને ખ્યાલ નથી કે, ભાટીયા સાહેબે ફરીયાદ લીધેલ ત્યારબાદ તેઓએ એક મહીના બાદ તે ફરીયાદ અંગે ગુન્હો રજીસ્ટર કરેલ હતો કે કેમ ? તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ આવી તેનો ૧૫જના ફોર્મમાં ઉતારો કર્યા સિવાય તેઓએ કોઈ કામગીરી કરેલ નથી, તેઓને ગુન્હા અં ગે જાતમાહીતી નથી.

આમ, સદર પોલીસ સાહેદનો ઉપરોકત પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરીયાદીની ફરીયાદનો એફ.આઈ.આર. ફોર્મમાં ઉતારો કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે.

(૧૮) ફરીયાદ પક્ષ તરફે તપાસ કરનાર અમલદાર ભગવાનજીભાઈ નાથાભાઈને આંક–૧૩૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ૨૦૧૭ની સાલમાં શિલ પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા, આ દરમ્યાન તા.૦૭–૦૭–૧૭ના રોજ તેઓ કોર્ટ કામગીરી સબબ શિલ પો.સ્ટે.થી બહાર હતા, તે વખતે તેમના ચાર્જમાં ચોરવાડના પી.એસ.આઈ.શ્રી એચ.એસ.ભાટીયા ચાર્જમાં હતા અને તેઓ રૂબરૂ હાલના ગુન્હાના ફરીયાદીએ ફરીયાદ આપેલ તે અંગેનો ગુન્હો રજીસ્ટરે લેવાયેલ હતો. બાદમાં તેઓએ શિલ પો.સ્ટે.માં હાજર થઈ હાલના ગુન્હાની તપાસ સંભાળી લીધેલ, તેમની તપાસ વખતે આ કામના ફરીયાદીની લેવાયેલ ફરીયાદ તથા

તે સાથેના સાધનીક કાગળો સામેલ હતા તેને વંચાણે લીધેલ હતા. જે આંક–૯૭ વાળી ફરીયાદ તેઓએ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ તેઓએ આ કામે સ્થાનિક જગ્યાનું પંચનામું તા.૦૮–૦૭–૧૭ના રોજ બે પંચોની હાજરીમાં કરેલ હતું, જેમાં તેઓએ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવેલ છે. તપાસ દરમ્યાન તેઓએ ભોગબનનાર/ફરીયાદીની મેડીકલ તપાસ કરાવેલ અને કેશોદ તથા જુનાગઢ ખાતેની મેડીકલ તપાસ સબંધે સર્ટીફીકેટો મેળવી કામમાં સામેલ રાખેલ હતા. આ કામના આરોપી પીઠાભાઈ રણમલભાઈ તથા કેશુરભાઈ રણમલભાઈ ને બે પંચો રૂબરૂ વિધિસરનું પંચનામું કરી અટક કરેલ હતા, જે આંક–૪૩ વાળા પંચનામામાં તેઓ પોતાની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે.આ પંચનામા ની કાર્યવાહી દરમ્યાન તેઓએ આરોપી પીઠાભાઈ રણમલભાઈએ બનાવમાં ઉપયોગમાં લીધેલ સોઈ અને દોરા રજુ કરેલ તેમજ એક નાળીયેરીનું લુંમ્બા રજુ કરેલ, તે તથા બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા આ પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લેવામા આવેલ તેમજ કેસુરભાઈ રણમલભાઈએ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા તે કબ્જે લેવામાં આવેલ હતા. બાદ આરોપી પીઠાભાઈ તથા કેસુરભાઈની મેડીકલ તપાસની કાર્યવાહી કરેલ અને તેના સેમ્પલો પોલીસ સ્ટેશન લાવતા તે બે પંચોને બોલાવી તા.૧૦–૦૭–૧૭ના રોજ પંચનામું કરી કબ્જે લેવામાં આવેલ હતા. બનાવ વાળી જગ્યાનું પંચનામું કરેલ તે વખતે એફ.એસ.એલ.અધિકારીને બોલાવવામાં આવેલ હતા, તે વખતે સ્થળ ઉપર તૈયાર કરેલ ઈન્વેસ્ટીગેશન વાન રીપોર્ટ તેઓને આપતા કામમાં સામેલ રાખેલ, જે આ કામે આંક–૧૦૫થી રજુ છે. વધુમાં, સદર ત.ક. અધિકારીશ્રી એ પોતાની સરતપાસ દરમ્યાન ફરીયાદી–ભોગ બનનાર 'એસ'ના તથા સાહેદ અરજણભાઈ જગમાલભાઈના તેઓ રૂબરૂના નિવેદનની હકીકતોને રીફર કરી સમર્થન આપેલ છે. વધુમાં, તેઓએ આ કામના ફરીયાદીનું સી.આર.પી.સી.

કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા અંગે કાર્યવાહી કરેલ અને તેનું નિવેદન લેવામાં આવેલ, જે આ કામે આંક–૯૮થી રજુ છે, તેની નકલ મને તપાસ માટે જરૂરી હોય, જેથી રજુઆત કરતા નિવેદન નોંધનાર નામદાર કોર્ટે આપેલ હતી, બાદમાં પોલીસ અધિ.શ્રીના હુકમના આધારે આગળની તપાસ એસ.ઓ.જી. જુનાગઢને સોંપી આપેલ હોવાનું જણાવી તેઓએ અદાલત સમક્ષ હાજર આરોપી નં.૧,૨ ને ઓળખી બતાવેલ છે.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમને યાદ નથી કે તેમને જે તપાસના કામે ફરીયાદ મળેલ તે બનાવ બાદ એક મહીના બાદ મળેલ હતી કે કેમ ? તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ ભોગબનનારનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી, કે અટક પંચનામું જાતે તૈયાર કરી પાછળથી પંચોની સહી લીધેલ, કે આંક–૯૮ વાળું નિવેદન લેવા અંગેની કાર્યવાહી અમોએ કરેલ નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર ફરીયાદ માટે તેના ભાઈ અને ભાભી સાથે આવેલ હતા, અને ફરીયાદ હોસ્પિટલ ખાતે લેવાયેલી.

(૧૯) ફરીયાદ પક્ષ તરફે તપાસ કરનાર અમલદાર રાયધનભાઈ લક્ષ્મણભાઈ રાઠોડને આંક–૧૩૧ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલના ગુન્હાની તપાસ પ્રથમ બી.એમ.ખાંભલા પી.એસ.આઈ. શિલ વાળાએ કરેલી, ત્યારબાદ સદર ગુન્હાની તપાસ એસ.ઓ.જી. જુનાગઢને સોંપવામાં આવેલી, પરંતુ એસ.ઓ.જી.ના પી.એસ.આઈ શ્રીની બદલી થતાં તેઓના અધિકારીશ્રીની સુચના મુજબ હાલના ગુન્હાની તપાસ તેઓને ઈ/ચા. પી.એસ.આઈ. એસ.ઓ.જી.ના હોદ્દાની રૂએ સોંપવામાં આવેલી. તેઓના પુરોગામી અધિકારીશ્રીએ કરેલ તપાસના તમામ કાગળોનો તેઓએ

અભ્યાસ કરેલો, તેઓએ તપાસ સંભાળ્યા બાદ આ કામના આરોપીઓ ભગવાનજીભાઈ રાજશીભાઈ, વજુભાઈ ઉકાભાઈ, જેઠાભાઈ ભાચાભાઈને તા.૧૬ –૦૮–૧૭ તથા તા.૨૦–૦૮–૧૭ના રોજ પંચો રૂબરૂ પંચનામાઓ કરી અટક કરેલ હતા તેમજ આ કામના મહીલા આરોપી રાજીબેન રણમલભાઈને આગોતરા જામીન અરજીના હુકમ મુજબ અટક કરવાની કાર્યવાહી કરેલ હતી. આરોપી ભગવાનજભાઈ રાજશીભાઈ, વજુભાઈ ઉકાભાઈ, જેઠાભાઈ ભાચાભાઈ નાઓની મેડીકલ તપાસ કરવા માટેની યાદી કરેલી, મેડીકલ તપાસ કરવામાં આવેલ અને તેઓની મેડીકલ તપાસ કરી મેડીકલ ઓફીસરે આપેલા સર્ટીફીકેટ મેળવી કામમાં સામેલ રાખેલ હતા. આ કામના આરોપીઓની અટક કરતી વખતે તેઓએ બનાવ વખતે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ હતા તેમજ આરોપીઓની મેડીકલ તપાસ કરી જરૂરી નમુનાઓ મેડીકલ ઓફીસરે લઈ શીલબંધ સ્થિતિમાં મોકલતા તપાસના કામે કબ્જે લેવામા આવેલ હતા. તેઓની તપાસ દરમ્યાન તથા અગાઉના તપાસના કરનાર અધિકારીની તપાસ દરમ્યાન કબ્જે લીધેલ મુદામાલ પૈકી જે મુદામાલ પૃથ્થકરણ અર્થે મોકલવાની જરૂરીયાત હતી તેની રવાનગી નોધ તૈયાર કરી એફ.એસ.એલ. જુનાગઢને મોકલી આપેલ હતા. એફ.એસ.એલ. જુનાગઢનો પૃથ્થકરણ રીપોર્ટ, જેમાં બાયોલોજી વિભાગ, ભૌતિક શાસ્ત્ર વિભાગ તથા સીરોલોજીનો રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ હતા. તેઓની સમગ્ર તપાસના અંતે હાલના તમામ આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનું ચાર્જશીટ કરવા યોગ્ય પુરાવો આવતો હોય, જેથી ધોરણસરનું ચાર્જશીટ દાખલ કરેલ તેમ જણાવી તેઓએ અદાલત સમક્ષ હાજર આરોપીઓને ઓળખી બતાવેલ છે.

સદર તપાસ કરનાર અમલદારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં

તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓનું અટક પંચનામું જાતે તૈયાર કરી પંચોની સહીઓ કરાવેલ, કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરી ખોટી જુબાની આપે છે. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામમાં કોઈ સોઈ અને દોરો કબ્જે કરી એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવું બનેલ નથી.

આમ, સદર બન્ને પોલીસ સાહેદો કે જેઓએ હાલના ગુન્હાના કામે તપાસ કરી, ચાર્જશીટ કરેલાની હકીકત રેકર્ડ પર આવેલ છે, પરંતુ સદર કામે તપાસવામાં આવેલા ભોગ બનનાર–ફરીયાદીના પુરાવાની કરેલ ઉપરોકત ચર્ચા મુજબ આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે રેકર્ડ પર આવતું ન હોય, જેથી સદર પોલીસ સાહેદોનો પુરાવો ફોર્મલ પુરાવો રહેલ છે.

(૨૦) આરોપી તરફે સંમતીથી આંકે પડેલ દવાખાના ચોકીનો ડી.ઓ. લેટર આંક–૧૦૧થી, ગુન્હા બાબતે પી.એસ.ઓ.ને કરેલ યાદી આંક–૧૦૨થી, તપાસ સોંપણી યાદી આંક–૧૦૩થી, એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ આંક–૧૦૫થી, ફરીયાદીનું એમ.એલ.સી. આંક–૧૦૬થી, ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ આંક–૧૦૭ થી, આરોપી નં.૩ નું મેડીકલ સર્ટીફીકેટ આંક –૧૦૮થી, આરોપી નં.૫ નું મેડીકલ સર્ટીફીકેટ આંક–૧૦૯થી, આરોપી નં.૪ નું મેડીકલ સર્ટીફીકેટ આંક–૧૧૦થી, મુદ્દામાલ રવાનગી યાદી તથા પત્રક આંક –૧૧૧ અને ૧૧૪ થી, એફ.એસ.એલ.ની પહોંચ આંક–૧૧૨ અને ૧૧૩થી, આરોપી નં.૪ ના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના મોકલ્યાની યાદી આંક–૧૧૫ થી, આરોપી નં.૫ ના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના મોકલ્યાની યાદી આંક–૧૧૬થી, આરોપી નં.૩ ના મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના મોકલ્યાની યાદી આંક–૧૧૭થી, મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ

મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર આંક–૧૧૮થી, બાયોલોજીકલ પરિક્ષણ અહેવાલ આંક–૧૧૯થી, સીરોજીકલ પરિક્ષણ અહેવાલ આંક–૧૨૦ થી, ભૌતિકશાસ્ત્ર વિભાગનો પરિક્ષણ અહેવાલ આંક–૧૨૧થી, મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ મોકલ્યાનો એફ.એસ. એલ.નો ફોરવર્ડીંગ પત્ર આંક–૧૨૨ થી, બાયોલોજીકલ પરિક્ષણ અહેવાલ આંક–૧૨૩થી, સીરોજીકલ પરિક્ષણ અહેવાલ આંક–૧૨૪થી, એફ.આઈ.આર.ની ખરીનકલ આંક–૧૨૫ થી તથા સ્ટેશન ડાયરીની ખરીનકલ આંક–૧૨૬થી રજુ થયેલ છે. પરંતુ, ખુદ ભોગ બનનાર–ફરીયાદીએ તેઓના પુરાવામાં આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાવેલ ન હોય, જેથી સદર આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીઓની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં.

(૨૧) આમ, ઉપરોકત રજુ તપાસવામાં આવેલ ભોગ બનનારના મૌખિક પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય અને ખુદ ભોગ બનનાર–ફરીયાદી જ ફરીયાદ પક્ષ તરફે ફરી ગયેલ જાહેર થયેલ હોય, તેમજ આરોપીઓ ધ્વારા તેણીને કોઈ શારીરિક–માનસીક દુઃખત્રાસ આપવામાં આવેલ હોય, કે મારકૂટ કરવામાં આવેલ હોય, કે તેણી સાથે બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધી બળાત્કાર કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, જેથી ભોગ બનનારના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી, ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. આ કામે તપાસવામાં આવેલ અન્ય પોલીસ સાહેદ અને તપાસ કરનાર અમલદારોના પુરાવાને પણ તપાસવામાં આવેલ ફરીયાદી, સાહેદ તથા પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું ન હોય, તેમજ મૌખિક પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે માત્ર દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદોના મોખિક પુરાવા પર આધાર રાખી, આરોપીઓની ગુનાહિત

જવાબદારી ઠરાવી શકાય નહીં, જેથી ઉપરોકત તમામ હકીકતો જોતાં, આરોપીઓ શંકાનો લાભ મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

(૨૨) આમ, ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં તથા કરેલ ચર્ચા ઘ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂઘ્ધ આંક–૨૮ ના તહોમતનામા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો આરોપીઓએ કરેલાનું નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, મુદૃા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદૃા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપીઓ નં.(૧) પીઠા રણમલભાઈ પીઠીયા, (૨) કેસુર રણમલભાઈ પીઠીયા, (૩) ભગવાન રાજશીભાઈ પીઠીયા, (૪) જેઠા ભાયાભાઈ પીઠીયા, (૫) વજુભાઈ ઉકાભાઈ પીઠીયા તથા (૬) રાજીબેન W/o. રણમલ હમીરભાઈ પીઠીયાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(ડી), ૪૯૮(એ), ૩૨૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ હુકમ સામે નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ અપીલ થવાના કિસ્સામાં તેની નોટિસ બજતાં, નામદાર એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેકે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દશ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આ કોર્ટ સમક્ષ આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે અપીલ થયેલ ન હોય તો ચકાસણી કરી, નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૨૯ મી, માહે : જાન્યુઆરી, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

કેશોદ,
તા.૨૯/૦૧/૨૦૨૬,

(**હર્ષ બાલકૃષ્ણ ત્રિવેદી**)
એડિશ્નલ સેશન્સ જજ,
કેશોદ.
GJ 00576

NKM